
DATE :- 31-12-2025

SANDESH PAGE-05, SURAT

# સુરત માટે ૨૦૨૬ સુપર વર્ષ




## મેટ્રોની સફર... ડુમસની લહેર...

| સુરત |

સુપર સ્વચ્છ સિટી, સ્માર્ટ સિટી, ગ્રોથ હબ સહિતના અનેક ઉપનામો સાથે રાષ્ટ્રીય, વૈશ્વિક સ્તરે છવાઈ ગયેલા સુરત શહેરે ૨૦૨૫ના વર્ષમાં પ્રગતિની દોડ, ગતિ અકબંધ રાખી છે. જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ મુદ્દે નવા વર્ષ ૨૦૨૬ પર ભારે આશાવાદ સેવાયો છે. અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટોને ૨૦૨૬ના વર્ષમાં આખરી ઓપ અપાશે. ખાસ કરીને ૨૦૨૬માં સુરતમાં મેટ્રો ટ્રેન દોડતી જોવા મળશે. સહેલગાહના શોખીન સુરતીઓ માટે ડુમસ સી ફેસનું નજરાણું ઉમેરાશે. કતારગામ ઓડિટોરિયમની ભેટ મળશે. ગ્રીન વ્હીકલ પોલિસી અને અન્ય યોજનાઓ પર અસરકારક કામગીરી કરાશે. જ્યારે ૬ નવા બ્રિજ કનેક્ટિવિટી વધારશે. સરવાળે ૨૦૨૫ની સરખામણીએ ૨૦૨૬નું વર્ષ ટ્રાન્સપોર્ટેશન, રોડ કનેક્ટિવિટી, લોકઉપયોગી અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપતા પ્રોજેક્ટો મુદ્દે મહત્ત્વનું સાબિત થશે.

**ગાંધીસ્મૃતિ અને કતારગામ ઓડિટોરિયમની મોટી ભેટ શહેરીજનોને મળશે**

**૬ નવા બ્રિજ કનેક્ટિવિટી વધારશે : ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ મુદ્દે નવા વર્ષ પર ભારે આશાવાદ, અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટોને આખરી ઓપ મળશે**

### 01 આતુરતાનો અંત

**કોરિડોર-૧ પર મેટ્રો દોડશે**

૧૨ હજાર કરોડના મેટ્રો રેલ પ્રોજેક્ટ ચર્ચાના ચકડોળે છે. તેમાં હવે ૨૦૨૬માં આતુરતાનો અંત આવશે. પ્રથમ તબક્કામાં કોરિડોર-૧ પર ડ્રીમ સિટીથી મજૂરા ગેટ સુધી પાઇલોટ વગરની મેટ્રો રેલ દોડશે. કોરિડોર-૨માં તાપી નદી પરનો ૮૦૦ મીટરનો બ્રિજ પૂર્ણ થશે. કોરિડોર-૧ પર ચોકથી મસ્કતિ હોસ્પિટલ સુધીનું અપલાઇનનું કામ પૂરું થવાનો લક્ષ્યાંક છે.

### 02 કાંઠાની સહેલ

**સુરતીઓ ડુમસ સી ફેસ પર ફરતા થઇ જશે**

પાલિકાના શાસકો અને વહીવટી તંત્ર માટે ડુમસ સી ફેસ પ્રોજેક્ટ મહત્ત્વાકાંક્ષી સાબિત થયો છે. તે સાથે જ સુરતવાસીઓ ટૂંકમાં જ ડુમસ સી ફેસ પર ફરતા થઇ જશે. હાલના તબક્કે ગેટકોની હાઇટેન્શન લાઇન ખસેડવાનો પડકાર હોય તે મે માસ સુધીમાં ઝોન-૧નું પેકેજ-૧ અને ૨નું ૨૫૭ કરોડનું કામ પૂરું થઇ જશે. લાઇન ખસેડવા સિવાયનું કામ ટૂંકમાં પૂરું થઇ જશે.

### નવા ૬ બ્રિજની ભેટ 03

**આઉટર રિંગરોડમાં મોટી કામગીરી**

બ્રિજ સિટી તરીકે જાણીતા સુરતમાં રત્નમાલા બ્રિજ અને વલ્લભાચાર્ય બ્રિજનું હાથ પર લીધેલું કામ ટૂંકમાં પૂરું થશે. નવીન ફ્લોરીન, સચિન રેલવે ઓવરબ્રિજ, એપીએમસી બ્રિજ, સાંઇ પોઇન્ટ બ્રિજ ૨૦૨૬માં પૂરો થતાં રોડ કનેક્ટિવિટી મળશે. આઉટર રિંગરોડમાં ફેઝ-૨માં સચિન-કડોદરા પર રસ્તા, ફ્લાયઓવરના ૨૯૦ કરોડના ટેન્ડરો મંજૂર થયા હોય કામ ગતિ પકડશે.

### મોટા પ્રોજેક્ટની વાત 04

**બેરેજ અને તાપી રિવરફ્રન્ટમાં હિલચાલ**

સુરતની ૫૦ વર્ષ સુધીની પાણીની જરૂરિયાતને કેન્દ્રમાં રાખીને બની રહેલા કન્વેન્શનલ બેરેજ પ્રોજેક્ટમાં નવીન ટેક્નોલોજી સાથેના કોફર ડેમ બનશે. તે માટે ૧૮૦ કરોડનું કામ મંજૂર થયું હોય ઝડપથી કામગીરી ચાલશે. લાંબા સમય બાદ સક્રિય થયેલા તાપી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ૪.૫૦ કિલોમીટરના કામની વિવિધ મંજૂરીનો પડકાર પૂરો થશે.

### 05 કલાપ્રેમીઓ ખુશ

**ગાંધીસ્મૃતિ, કતારગામ ઓડિટોરિયમની ભેટ**

સુરતની નાટ્ય કલા સંસ્કૃતિની ઓળખ સમાન ગાંધીસ્મૃતિ ભવનને નવા રૂપ-રંગ આપવામાં આવશે. ૮૮૬ વ્યક્તિની બેઠક ક્ષમતા ધરાવતા ગાંધીસ્મૃતિ ભવનનું આરસીસી સિવાયનું વર્ક હજુ બાકી છે. જુલાઇ-૨૦૨૬ સુધીમાં તમામ કામગીરી પૂરી થશે. ૮૮૪ વ્યક્તિની બેઠક ક્ષમતા ધરાવતા કતારગામ ઓડિટોરિયમનું કામ પૂર્ણતાને આરે હોય થોડા સમયમાં ભેટ મળશે.

### 06 ડ્રીમ પ્રોજેક્ટનો ચિતાર

**આઇકોનિક બિલ્ડિંગ ૮૦ ટકાએ પહોંચશે**

૧૫૮૬ કરોડના ખર્ચે રિંગરોડ પર નિર્માણાધીન મિની સચિવાલય સમાન આઇકોનિક બિલ્ડિંગ પ્રોજેક્ટ ૨૦૨૬નું વર્ષ પૂર્ણ થાય ત્યા સુધીમાં ૮૦ ટકા કામગીરીએ પહોંચી જશે. હાલમાં બિલ્ડિંગનું ૨૧ માળનું કામ પૂરું થઇ ગયું છે. જ્યારે હવે ૭ માળની કામગીરી બાકી હોય ૨૦૨૬ના વર્ષમાં કામગીરીનો મહત્ત્વનો તબક્કો પૂરો થશે. આ ડ્રીમ પ્રોજેક્ટ શહેરની શોભા વધારશે.

### તંદુરસ્તીનું અપડેટ 07

**ઓક્સિજન પાર્ક અને યોગ સ્ટુડિયો**

ખાણી-પીણીના શોખીન સુરતીલાલાઓ સ્વાસ્થ્યપ્રેમી પણ બન્યા છે. સ્વાસ્થ્યપ્રેમી સુરતીઓ માટે વિવિધ ઝોનમાં યોગ સ્ટુડિયો અને ઓક્સિજન પાર્કની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં હાલમાં વરાછા અને કતારગામ ઝોનમાં યોગ સ્ટુડિયોના કામના ટેન્ડરો મંજૂર થઇ ગયા છે. જ્યારે લિંબાયત અને વરાછા ઝોનમાં ઓક્સિજન પાર્કની ભેટ મળવાની હોય સ્વાસ્થ્ય પ્રેમીઓને લાભ થશે.

### ટ્રાન્સપોર્ટેશન સરળ 08

**ઇ-બસમાં મોટી ગતિવિધિ, નવી ૬૦૦ બસ**

પાલિકાએ દેશની પહેલી ગ્રીન વ્હીકલ પોલિસી જાહેર કરી છે. જેને આધીન ટ્રાન્સપોર્ટેશન સુવિધામાં ૧૦૦ ટકા ઇલેક્ટ્રિક બસનો લક્ષ્યાંક સેવાયો છે. ૨૦૨૬ના આરંભે બે માસમાં ૬૦૦ જેટલી ઇ-બસ આવી જશે. જેને કારણે ટ્રાન્સપોર્ટેશન સુવિધા વધુ ઝડપી બનશે, તે સાથે જ એક સોલાર અને એક વિન્ડ પાવર પણ શરૂ કરાશે. નવા વર્ષમાં ઊર્જા બચત પર વિશેષ ભાર મૂકવામાં આવશે.

**પાલિકા ચૂંટણીની ચોપાટ ગોઠવાશે, નવા સમીકરણો સાથે નવી ટીમ રચાશે |** ૨૦૨૬ના વર્ષમાં રાજકીય દૃષ્ટિએ મહાનગરપાલિકાની સૌથી મેગા કહી શકાય એવી ઇવેન્ટ એટલે કે પાલિકા ચૂંટણીની ચોપાટ ગોઠવાશે. ૧૧ માર્ચે પૂરી થતી ટર્મ અને એસઆઇઆર કામગીરીની ભાગદોડ વચ્ચે ચૂંટણીની તારીખને લઇને ગડમથલ જોવા મળી હતી. ભાજપમાં પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્મા અને શહેર પ્રમુખ તરીકે પરેશ પટેલની નિયુક્તિ બાદ નવા સમીકરણો રચાયા છે. તેની સીધી અસર હેઠળ ૩૦ વોર્ડમાંથી ૧૨૦ ઉમેદવારોની શોધખોળ ચાલશે. આમ આદમી પાર્ટી વજૂદ અકબંધ રાખવા, તો કોંગ્રેસ વજૂદ ઊભું કરવા જોર લગાડશે. સરવાળે રાજકીય પક્ષો માટે પાલિકાની ચૂંટણી પ્રતિષ્ઠાનો જંગ સાબિત થશે.